# ડેવોન લાયબ્રેરીઝ સ્વાગત છે!

**Gujarati/ ગુજરાતી**

**No: 11**

પુસ્તકો, સંગીત, ફિલ્મો, પ્રસંગો, ઈતિહાસ, માહિતી, કમ્પ્યૂટર્સ અને બીજી ઘણી બધી બાબતોના વિશ્વમાં આપનું સ્વાગત છે!

પુસ્તકાલયો એ મૈત્રીપૂર્ણ, આવકાર આપનારા સ્થળો છે અને આપ તેનો વિના મૂલ્યે ઉપયોગ કરી શકો છો. આપ પુસ્તકો જોઈ શકો છો અથવા પુસ્તકાલયમાં અભ્યાસ કરી શકો છો, યુવાન લોકોના પ્રસંગોમાં બાળકોને લાવી શકો છો, માહિતી પૂછી શકો છો અથવા પુસ્તકાલયના કમ્પ્યૂટર્સનો ઉપયોગ કરી શકો છો.

જો આપ પુસ્તકાલયમાં જોડાઓ તો આપ પુસ્તકો ઉછીના માંગી શકો છો અને ડીવીડી, સીડી તથા ઑડિયોબુક્સ ભાડે લઈ શકો છો અને પુસ્તકાલયના એક સભ્ય તરીકે આપ દિવસમાં અડધો કલાક પુસ્તકાલયના કમ્પ્યૂટર્સનો ઉપયોગ કરી શકો છો. આપના બાળક પણ જોડાઈ શકે છે - તદ્દન નાનાં શિશુઓ સુદ્ધાં પુસ્તકાલયના સભ્યો બની શકે છે! તેનાથી આપને કોઈ ખર્ચ થશે નહીં, અને આપે આપના નામ અને સરનામા સહિતની માત્ર થોડી વિગતો અમને આપવાની જરૂર પડશે. જો આપ ડેવોનમાં રહેતા ન હોય પરંતુ મુલાકાત લેતા હો તો અમારે આપના ઘરનું સરનામું તેમજ આપનું ડેવોનનું સરનામું જાણવાની જરૂર પડશે.

આપને એક લાયબ્રેરી કાર્ડ આપવામાં આવશે. કૃપા કરીને આપને કંઈપણ ઉછીનું લેવું હોય તો તે વસ્તુ કાઉન્ટર પર (અથવા કેટલાંક પુસ્તકાલયોમાં સૅલ્ફ-સર્વિસ કિઓસ્કમાં) લઈ જાઓ. પુસ્તકો ઉછીના લેવા મફત છે પરંતુ આપ તેને પાછા આપવામાં મોડું કરો તો આપે નાનકડી રકમ ભરવી પડશે. ડીવીડી, સીડી અને ઑડિયોબુક્સ માટે ભાડે લેવાની ફી છે.

આપ નીચેની સંખ્યા સમય માટે વસ્તુઓ ઉછીની લઈ શકો છો*:

- 12 પુસ્તકો 3 અઠવાડિયા માટે
- 4 ડીવીડી 1 અઠવાડિયા માટે
- 4 મ્યુઝિક સીડી 1 અઠવાડિયા માટે અથવા 4 ઑડિયો બુક્સ 3 અઠવાડિયા માટે
- ભાષાના 4 અભ્યાસક્રમો 3 અઠવાડિયા માટે

(* 16 વર્ષથી ઓછી ઉંમરના તથા અપંગતા (ડિસેબિલિટી) ધરાવતા લોકો માટે આમાં ફેરફાર થાય છે)

જો આપ પુસ્તકો વધુ 21 દિવસ માટે રાખવા માંગતા હો તો વિનંતી કરો - જવાબ સામાન્ય રીતે હા હોય છે!

આપ ઉછીની લો તેવી કોઈપણ વસ્તુ માટે આપ જવાબદાર છો તેથી કૃપા કરીને આપનું લાયબ્રેરી કાર્ડ અથવા પુસ્તકાલયની કોઈપણ વસ્તુઓ અન્ય કોઈ વ્યક્તિને આપશો નહીં અને જો આપનું કાર્ડ ખોવાયું કે ચોરાયું હોય અથવા આપની કોઈપણ વ્યક્તિગત વિગતો બદલાઈ હોય તો અમને જાણ કરો.

જો આપને પુસ્તકાલય વિશે કોઈપણ પ્રશ્નો હોય અથવા જો આપ અપંગતા ધરાવતા હો તો અને અમે આપને કઈ રીતે મદદ કરી શકીએ તે જાણવા માંગતા હો તો કૃપા કરીને પુસ્તકાલયમાં પૂછો. અથવા આપ અમને devlibs@devon.gov.uk પર ઈમેઈલ કરી શકો છો અથવા 0845 155 1001 (સોમથી શુક્રવાર સવારે 8 વાગ્યાથી રાત્રે 8 વાગ્યા સુધી અને શનિવારે સવારે 9થી બપોરે 1 વાગ્યા સુધી) પર અમારા ગ્રાહક સેવા કેન્દ્રનો સંપર્ક કરી શકો છો. જો આપ ફોન કરો તો રેકોર્ડેડ સંદેશા બાદ કોઈ વ્યક્તિ સાથે વાત કરવા માટે લાઈન પર રહો.

આ પત્રકની બીજી બાજુએ, આપ ડેવોનમાં પુસ્તકાલયના કમ્પ્યૂટર્સનો ઉપયોગ કરવા વિશે થોડી માહિતી મેળવશો.

**પુસ્તકાલયના કમ્પ્યૂટર્સનો ઉપયોગ કરવો**

પુસ્તકાલયમાં કમ્પ્યૂટરનો ઉપયોગ કરવા માટે આપને લાયબ્રેરી કાર્ડની જરૂર પડશે. જો આપ ટૂંકા સમયગાળા માટે ડેવોનની મુલાકાત લઈ રહ્યા હો તો જો આપ અમને આપનું નામ કહો તો આપ કામચલાઉ રીતે કમ્પ્યૂટરનો ઉપયોગ કરી શકો છો - અમે આપને કાગળની સ્લિપ આપીશું જેના પર નંબર પ્રિન્ટ કરેલો હશે.

એક વખત આપની પાસે કાર્ડ કે કામચલાઉ સ્લિપ હોય ત્યારબાદ કેટલાંક પુસ્તકાલયોમાં કમ્પ્યૂટરનો ઉપયોગ કરવા માટે આપ આપના કાર્ડ કે સ્લિપ પર આપેલો નંબર ટાઈપ કરી શકો છો. અન્ય પુસ્તકાલયોમાં કમ્પ્યૂટર પર આપને બુક કરવા માટે આપે કાઉન્ટર પર સ્ટાફને પૂછવાની જરૂર પડશે.

આપ શરૂ કરો તે પહેલાં આપ અમારી નીતિને સ્વીકારો છો તેમ જણાવવા માટે આપે ક્લિક કરવાની રહેશે. ખાસ કરીને, આપે કાયદાની હદમાં રહેવાનું છે અને ગેરકાનૂની કે અશ્લીલ વેબસાઈટો જોવાનો પ્રયત્ન કરવો નહીં. ઈન્ટરનેટ અને ઈમેઈલ સેવાઓનો ઉપયોગ રેકોર્ડ કરવામાં આવે છે અને તેના પર નજર રાખવામાં આવે છે તથા કોઈ વ્યક્તિ કમ્પ્યૂટરનો દુરૂપયોગ કરતી હોવાની શંકા અમને જાય તો અમે ચકાસણી કરી શકીએ છીએ.

પુસ્તકાલયના સભ્યો કમ્પ્યૂટરનો દિવસમાં અડધો કલાક વિના મૂલ્યે ઉપયોગ કરી શકે છે. જો આપ મુલાકાતી હો તો તેનો ચાર્જ છે. પ્રિન્ટિંગ માટે દરેક વ્યક્તિએ પૈસા ચૂકવવના રહેશે જે લાયબ્રેરીના કાઉન્ટર પર પ્રિન્ટર પર કરવામાં આવે છે. જ્યારે આપના સેશનની 5 મિનિટ બાકી હોય ત્યારે સ્ક્રીન પર ચેતવણી દેખાશે. જો આપને વધારે બેસવું હોય તો આપ ચેતવણી જોતાની સાથે જ કૃપા કરીને સ્ટાફને કહો. આપે વધારાના સમય માટે ચૂકવણી કરવાની રહેશે. વર્તમાન દરો પુસ્તકાલયમાં પોસ્ટર અને પત્રિકાઓ પર છે અને પુસ્તકાલયની વેબસાઈટ પર છે.

જો આપ આપે કરેલું કામ સાચવવા માંગતા હો તો આપ તેને યુએસબી ડ્રાઈવ કે અન્ય એક્સટર્નલ ડિવાઈસ પર સેવ કરી શકો છો. આપ તેને કમ્પ્યૂટરમાં સેવ કરી શકશો નહીં.

જો આપ 12 વર્ષથી ઓછી ઉંમરના હો તો આપ ઈમેઈલનો ઉપયોગ કરી શકશો નહીં અને આપ માત્ર ઈન્ટરનેટનો (કેટલીક ખાસ પસંદ કરેલી વેબસાઈટો સિવાય) જ ઉપયોગ કરી શકશો, જો આપના માતાપિતા, કાનૂની કેરર (સંભાળ રાખનાર વ્યક્તિ)/વાલી કે દાદા-દાદી પુસ્તકાલયના સ્ટાફને કહે કે આપ તેમ કરી શકો છો.

જો આપ 13-15 વર્ષની ઉંમરના હો તો આપ ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકો છો અને જો આપના માતાપિતા, કાનૂની કેરર/વાલી કે દાદા-દાદી પુસ્તકાલયના સ્ટાફને કહે કે આપ તેમ કરી શકો છો તો આપ ઈમેઈલનો પણ ઉપયોગ કરી શકો છો.

પુસ્તકાલયનો સ્ટાફ આપને કમ્પ્યૂટરમાં સાઈન ઑન થવામાં મદદ કરી શકે છે અને આપને થોડી મદદ કે સહકાર આપી શકે છે પરંતુ જો આપે અગાઉ ક્યારેય કમ્પ્યૂટરનો ઉપયોગ કર્યો ન હોય અને ઉચ્ચ સ્તરની મદદ જોઈતી હોય તો આપે તાલીમનો અભ્યાસ ક્રમ કરવાની જરૂર પડી શકે છે. પુસ્તકાલયનો સ્ટાફ આપને આવો અભ્યાસક્રમ શોધવામાં મદદ કરી શકે છે - તે મોટેભાગે મફત હોય છે. કેટલાંક પુસ્તકાલયોમાં અમુક ખાસ સમય હોય છે જ્યારે સ્ટાફ આપને થોડી મૂળભૂત તાલીમ આપી શકે છે.

જો આપ વધુ જાણવા માંગતા હો તો કૃપા કરીને સ્ટાફને પૂછો.
અમને આશા છે કે આપને ડેવોનનાં પુસ્તકાલયોનો ઉપયોગ કરવામાં આનંદ આવશે!